**(1) રક્ષા અધિગ્રહણ પરીષદ (Defence Acquisition Council) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) નવી નીતિ માટે નિર્ણય લેવા માટેની તથા રક્ષા–સાધનોના અધિગ્રહણ માટે નિર્ણય લેવા માટેની તે રક્ષા મંત્રાલયની સર્વોચ્ચ સંસ્થા છે.
(2) તે સેનાની ત્રણેય પાંખ માટે ઉપરોક્ત નિર્ણયો લઈ શકે છે.
(3) પરીષદના ચેરમેન તરીકે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) હોય છે.
(4) તેની રચના 1965ના યુદ્ધ બાદ રચાયેલી એક કમિટીની ભલામણોના આધારે કરવામાં આવી હતી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રક્ષા અધિગ્રહણ પરીષદે કેટલીક દરખાસ્તોને મંજૂરી આપેલી છે. તેના દ્વારા ભારતની ત્રણેય સૈન્ય પાંખની યુદ્ધ ક્ષમતામાં વધારો થશે.

⇛ આ પરીષદનું નિર્માણ કારગીલ યુદ્ધ (1999) બાદ 2001માં રચાયેલી 'રિફોર્મીંગ ધ નેશનલ સિકયુરિટી સિસ્ટમ'ની ભલામણોના આધારે કરવામાં આવ્યું હતું. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ તેના ચેરમેન તરીકે રક્ષા મંત્રી હોય છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ તે રક્ષા મંત્રાલયની સર્વોચ્ચ નિર્ણયકારી સંસ્થા છે. તે નવી નીતિઓને નક્કી કરવા માટે તથા રક્ષા–સાધનોના અધિગ્રહણની બાબતે નિર્ણયો લે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે આ નિર્ણયો સેનાની ત્રણેય પાંખ (થલ સેના, નૌસેના, વાયુસેના) તથા ભારતીય કોસ્ટ ગાર્ડ માટે લે છે. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (2) ધર્મચક્ર દિવસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ દિવસ શ્રાવણ મહિનાની પૂનમના દિવસે હોય છે.

(2) આ દિવસ બૌદ્ધ લોકોનો બીજા ક્રમનો સૌથી વધુ પવિત્ર દિવસ છે.

(3) આવનારા ધર્મચક્ર દિવસની ઉજવણી સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કોન્ફેડરેશન સાથે ભાગીદારીમાં ઉજવવામાં આવશે.

(4) આ દિવસે હિંદુ તથા બૌદ્ધ ધર્મમાં ગુરુપૂર્ણિમાનો તહેવાર પણ હોય છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ ધર્મચક્ર દિવસ અષાઢ મહિનાની પૂનમના દિવસે હોય છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ 4 જુલાઈ, 2020ના રોજ આવનારા ધર્મચક્ર દિવસની ઉજવણી સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા ઈન્ટરનેશનલ બુદ્ધિ કોન્ફેડરેશન સાથે ભાગીદારીમાં ઉજવવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ દિવસ બુદ્ધ પૂર્ણિમાં પછીનો બૌદ્ધ લોકોનો બીજા ક્રમનો સૌથી વધુ પવિત્ર દિવસ છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ દિવસે ભગવાન બુદ્ધે સારનાથમાં પ્રથમ ઉપદેશ આપ્યો હતો.

⇛ આ દિવસને હિંદુ તથા બૌદ્ધ ધર્મમાં ગુરુ પૂર્ણિમાના દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસીંગ ઓથોરિટી (NPPA) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે એક સ્વતંત્ર નિયમનકારી સંસ્થા છે.
(2) તે આરોગ્ય મંત્રાલય હેઠળ કાર્ય કેર છે.
(3) તેનું કાર્ય જરૂરી દવાઓની ઉપલબ્ધતા તથા તેની યોગ્ય કિંમત જાળવવાનું છે.
(4) તે DPCOનું અમલીકરણ પણ કરે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (3) અને (4)
(C) માત્ર (1), (3) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ NPPA એક સ્વતંત્ર નિયમનકારી સંસ્થા છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તે રસાયણ અને ખાતર મંત્રાલય હેઠળના ફાર્માસ્યુટીકલ વિભાગની એટેચ્ડ ઓફિસ છે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ તે નીચેના કાર્યો કરે છે :

- દવાઓની ઉપલબ્ધતા તથા સુલભતા જાળવવી
- દવાઓની યોગ્ય કિંમત જાળવવી
- ડ્રગ્સ પ્રાઈસ કંટ્રોલ ઓર્ડર (DPCO)ના નિયમોનું અમલીકરણ કરવું તથા તેને લાગુ કરાવવા
- દવાઓની અછત સર્જાય તો યોગ્ય પગલાં લેવાં
- દવાઓ/કંપનીઓ/ફોર્મુલા વગેરેના ઉત્પાદન તથા આયાત–નિકાસના ડેટા જાળવવા (આથી, વિધાન (3) અને (4) સાચાં છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) રશિયામાં તાજેતરમાં થયેલાં બંધારણીય ફેરફારો વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) સામાન્ય રીતે રશિયામાં રાષ્ટ્રપતિના સતત બે વખતથી વધુ કાર્યકાળ પર પ્રતિબંધ છે.

(2) આ બંધારણીય સુધારાઓ દ્વારા આ પ્રતિબંધને દૂર કરવામાં આવ્યો છે તથા રાષ્ટ્રપતિના સતત 4 કાર્યકાળને મંજૂરી આપવામાં આવી છે.

(3) આ દ્વારા વર્તમાન રાષ્ટ્રપતિ વર્ષ 2036 સુધી સત્તામાં રહી શકે છે.

(4) આ સુધારાઓ દ્વારા રાષ્ટ્રપતિની સત્તામાં વધારો કરવામાં આવ્યો છે પરંતુ સ્ટેટ કાઉન્સીલની સત્તામાં ઘટાડો થયો છે.

(A) માત્ર (1) અને (3)   (B) માત્ર (2) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)   (D) આપેલ તમામ

⇒ **જવાબ :- A**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં રશિયામાં થયેલાં બંધારણીય સુધારાઓને લોક–સમર્થન મળેલું છે.

⇒ આ બંધારણીય સુધારાઓને અગાઉથીજ સંસદ તથા સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવેલાં હતાં પરંતુ પ્રસિદ્ધિ માટે તથા લોક–સમર્થન માટે તેનું રેફરન્ડમ કરવામાં આવ્યું હતું. આ રેફરન્ડમમાં 78% મત કરનારાઓએ આ સુધારાઓને મંજૂર કરેલાં છે.

⇒ સામાન્ય રીતે રશિયામાં રાષ્ટ્રપતિ સતત રીતે માત્ર બે વખત જ કાર્યકાળ ભોગવી શકે છે. સતત રીતે બે કરતાં વધુ કાર્યકાળ પર બંધારણ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ નવા સુધારા મુજબ, આ બે વખતની મર્યાદામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. માત્ર વર્તમાન રાષ્ટ્રપતિની ટર્મ (કાર્યકાળ)ને રિસેટ કરી છે. અર્થાત્ આવનારી ચૂંટણી રાષ્ટ્રપતિની પ્રથમ ચૂંટણી તથા પ્રથમ કાર્યકાળ છે તેમ ગણવામાં આવશે. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇒ આમ, આ સુધારાઓ દ્વારા વર્તમાન રાષ્ટ્રપતિ અન્ય બે કાર્યકાળ ભોગવી શકશે. અર્થાત્ તે વર્ષ 2036 સુધી સત્તા પર રહી શકશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇒ આ સુધારાઓ દ્વારા સ્ટેટ કાઉન્સીલની સત્તામાં પણ વધારો કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) રેલવેના ખાનગીકરણની બાબતે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તેનાં દ્વારા આધુનિક ટેક્નોલોજીની ઓળખાણ થશે.

(2) પરિવહન સમયમાં ઘટાડો થશે.

(3) ટ્રેન કોચના જાળવણી ખર્ચમાં ઘટાડો થશે.

(4) પછાત સમુદાયોને નુકશાન થવાની શકયતા છે.

(A) માત્ર (1) અને (4)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (2) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં રેલ મંત્રાલયે રેલવેના ખાનગીકરણનું પ્રથમ પગલું ભર્યુ છે અને પેસેન્જર ટ્રેનની સેવાઓ માટે ખાનગી સ્પર્ધકો પાસેથી **RFQ (Request for Qualification)** આમંત્રિત કરેલ છે.

⇛ રેલવે ખાનગીકરણના શકય લાભો :

- ભારતના રેલવે ઈન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ થશે.
- આધુનિક ટેક્નોલોજીની ઓળખાણ થશે. (આથી, વિધાન (1) સાચું છે.)
- ટ્રેન ટિકિટની ડિમાન્ડ–સપ્લાયમાં સંતુલન લાવી શકાશે.
- ઝડપી ટ્રેનના કારણે પરિવહન સમયમાં ઘટાડો થશે. (આથી, વિધાન (2) સાચું છે.)
- ટ્રેન કોચના જાળવણી ખર્ચમાં ઘટાડો થશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ખાનગીકરણના પડકારો :

- ખાનગી ક્ષેત્રમાં અનામત ન હોવાથી પછાત સમુદાયો કે જે વર્તમાન સમયે જાહેર ક્ષેત્રમાં રોજગારીમાં અનામત મેળવી રહ્યા છે તેમની રૂચિને નુકશાન થઈ શકે તેમ છે. (આથી, વિધાન (4) સાચું છે.)
- ટ્રેનના ટિકિટ દરમાં વધારો થઈ શકે તેમ છે.
- ખાનગી ક્ષેત્ર ખર્ચ ઘટાડવા ઓછા લોકોને રોજગારી આપવામાં આવશે અને પરિણામે જોબલોસની શકયતા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE | icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT